એકમ 3

# અર્થશાસ્ત્રની વિશિષ્ટ વિભાવનાઓ અને ખ્યાલો (Special Concepts of Economics)

## : રૂપરેખા :


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 અર્થશાસ્ત્રની વિભાવનાઓ

3.3 મૂડી

3.4 સંપત્તિ

3.4.1 કુદરતી સંપત્તિ

3.5 તૃષ્ટિગુણ

3.5.1 કુલ તૃષ્ટિગુણનો અર્થ

3.5.2 સીમાંત તૃષ્ટિગુણનો અર્થ

3.6 સેવા

3.7 ઉત્પાદન

3.8 માંગ

3.8.1 માંગરેખા

3.9 પુરવઠો

3.9.1 પુરવઠા રેખા

3.10 જથ્થો

3.10.1 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત

3.11 મુલ્ય

3.11.1 વપરાશમૂલ્ય

3.11.2 વિનિમય મુલ્ય

3.12 કિંમત

3.13 બજાર

3.13.1 ગ્રાહકો

3.13.2 વેપારીઓ

3.13.3 પરસ્પર સંપર્ક

3.14 રાષ્ટ્રીય આવક

3.14.1 પ્રો.પિગું

3.14.2 પ્રો.હિક્સ

3.14.3 પ્રો.સેમ્યુલસન

3.15 સારાંશ

3.16 ચાવીરૂપ શબ્દો

**3.17 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**3.18 તમારી પ્રગતિ તપાસો**

**3.18.1 નીચેના પ્રશ્નોના જવાબ આપો**

**3.18.2 ટૂંકમાં પ્રશ્નના જવાબ આપો**

**3.18.3 નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

**3.18.4 (3.18.3) નાં જવાબો**

- **અર્થશાસ્ત્રની વિશિષ્ટ વિભાવનાઓ અને ખ્યાલો (Special Concepts and concepts of Economics)**

અર્થશાસ્ત્ર સામાન્યમાં સ્વૈચ્છિક વિષય તરીકે પ્રારંભિક અર્થશાસ્ત્ર છે. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ હકીકતો પર આધારિત અર્થશાસ્ત્રને સમજવા માટે આ પ્રારંભિક અર્થશાસ્ત્રની વિભાવનાઓ જાણવી ખુબ જ અગત્યનું છે. અર્થશાસ્ત્રને જાણવા વિભાવનાઓ ઈંટો અને કાચા માલ સમાન છે. પ્રો.માર્શલના મત પ્રમાણે વિષયને શીખવતાં પહેલાં અગાઉ વિષયની અગત્યતા અને વિભાવના જાણવી ખૂબ જ જરૂરી છે. આ વિષયની વિભાવનાઓ ને 12 (બાર) અલગ અલગ વિભાવનાઓ વહેંચવામાં આવી છે. અર્થશાસ્ત્ર વિષયની પદ્ધતિ પ્રમાણે વિભાવનાઓની રજૂઆત કરવામાં આવી છે. વળી ભાષાનો ઉપયોગ સાદી અને સરળ રીતે કરવામાં આવ્યો છે. તેમજ અલગ અલગ દરેક વિભાવનાઓને સમજાવવાનો ખૂબ જ સરળ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને આ વિષય સમજવો અને તેની વિભાવનાઓ વિશે ખ્યાલ મેળવવો ખુબ જ જરૂરી છે. આ વિષયમાં વધુ ગુણ સહેલાઈથી મેળવી શકાય છે.

આ એકમમાં અર્થશાસ્ત્રની પ્રારંભિક વિભાવનાઓનો પરિચય આપવામાં આવ્યો છે. અલગ અલગ 12 પ્રકારની વિભાવનાઓની સરળ સમજૂતી આપેલ છે. જે અર્થશાસ્ત્રના અન્ય ક્ષેત્રોમાં ઉપયોગ થઈ શકે છે. આ વિભાવનાઓ દ્વારા અર્થશાસ્ત્રનો અને તેના વિવિધ ક્ષેત્રોનો અભ્યાસ સહેલાઈથી કરી શકાય છે. જેથી વિભાવનાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે.

## 3.0 ઉદ્દેશો (Objective)

- અર્થશાસ્ત્ર વિષયનો પરિચય મેળવવો.
- માનવ જીવનમાં આર્થિક ક્ષેત્રે અર્થશાસ્ત્રના ઉપયોગ વિશે આ એકમનો પરિચય આપવામાં આવ્યો છે.
- વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રની પ્રારંભિક વિભાવનાઓનો પરિચય કરાવવાનો હેતુ રહ્યો છે.

## 3.1 પ્રસ્તાવના (Introduction)

આ એકમની ચર્ચા કરતાં પહેલાં આપણે અર્થશાસ્ત્ર વિષયનો પરિચય કરવો જરૂરી રહ્યો છે. શરૂઆતમાં માનવીની વિવિધ જરૂરિયાતો, આર્થિક સમસ્યાઓ અને આર્થિક પ્રવૃત્તિઓનો પરિચય, અર્થ તેમજ ઉદ્ભવવાનાં કારણો વિશે જાણવું અગત્યનું છે. એ નિષ્કર્ષના અંતે માનવીની જરૂરિયાતો તેને-સંતોષવા વૈકલ્પિક ઉપયોગવાળા સાધનોની અછત રહી છે. જેથી આર્થિક સમસ્યાઓ ઉભી થઈ છે. તે સમસ્યાઓ ઉકેલવા માટે આર્થિક પ્રવૃત્તિઓ માનવીઓ દ્વારા કરવામાં આવે છે.

પૂર્વમાં ભારતીય વિદ્વાન કૌટિલ્યે એ એવું કહ્યું છે કે અર્થશાસ્ત્ર એ પૃથ્વીના લાભ પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર છે, બ્રિટિશ અર્થશાસ્ત્રીઓ એકમ સ્મિથ માર્શલ, અને રોબિન્સની વિચારસરણી આ પ્રમાણે રહેવા પામી છે. અર્થશાસ્ત્ર સંપત્તિનું શાસ્ત્ર છે, અર્થશાસ્ત્ર ભૌતિક કલ્યાણનું શાસ્ત્ર છે, અર્થશાસ્ત્ર કરકસરનું શાસ્ત્ર છે. અર્થશાસ્ત્રના સ્વરૂપ વિશે સ્પષ્ટતા કરવામાં આવે તો એમાં દર્શાવવામાં આવ્યું છે કે અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે અને કળા પણ છે. અર્થશાસ્ત્ર જ્ઞાન આપે છે અને ફળ પણ આપે છે.

અર્થશાસ્ત્રની બે વિશ્લેષણ પદ્ધતિઓ છે. એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર. એકમલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિગત આર્થિક એકમોના વર્તનનું વિશ્લેષણ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમગ્ર

અર્થતંત્રની કામગીરીનું વિશ્લેષણ કરે છે આમ, અર્થશાસ્ત્ર વિષયનો પરિચય એકમલક્ષી અને સમગ્રલક્ષી વિશ્લેષણો દ્વારા મેળવી શકાય છે. જેમાં દરેક ક્ષેત્ર આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે, જેની વિવિધ વિભાવનાઓ અલગ અલગ સ્વરૂપે રહેવા પામી છે. જેથી અર્થતંત્રની આ વિભાવનાઓનો પરિચય કરવો ખુબ જ અગત્યનો રહ્યો છે. જે આ અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં આપણે વિવિધ વિભાવનાઓ વિશે જાણવાનો અભ્યાસ કરીશું.

## 3.2 અર્થશાસ્ત્રની વિભાવનાઓ :

અર્થશાસ્ત્રની વિભાવનાઓના અભ્યાસ કરતાં પહેલાં આપણે જાણી લેવું જોઈએ કે વિભાવનાઓ શું છે ? વિભાવના એટલે કે કોઈપણ શબ્દને સમજવા માટે પહેલા તે શબ્દને વ્યાખ્યાયિત કરીને તે શબ્દનું મૂળ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. એ તે શબ્દની ચોક્કસ સ્પષ્ટતા વ્યાખ્યા દ્વારા કરવામાં આવે છે. જેને વ્યાખ્યા કે વિભાવના તરીકે ઓળખવામાં આવે છે. આ વિભાવનાઓનો અભ્યાસ અહીં આપણે કરવાનો છે, જે વિવિધ શબ્દોની વિભાવનાઓ અહીં અભ્યાસ કરવામાં અને સમજાવવામાં આવી છે.

## 3.3 મૂડી (Capital)

મૂળ, ધન, પુંજી, સંપત્તિ, દ્રવ્ય, કેપિટલ

વેપાર ઉદ્યોગમાં રોકાતી થાપણ, પૂંજી, ભંડોળ મૂળધન, મુદ્દલ, વેપારમાં નાખેલ નાણાં. સામાન્ય રીતે લોકો ઘરમાં પડેલી રોકડ રકમ અથવા વસ્તુઓને મૂડી ગણે છે પણ અર્થશાસ્ત્રમાં જે સંકુચિત અર્થમાં આ શબ્દ વપરાય છે તે અર્થમાં જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને મૂડી કહે છે.

આવી મૂડીમાંથી જે મૂડી ઉત્પન્ન કાર્યમાં સાધનરૂપ થઈ પડે એવી વસ્તુઓમાં રોકવામાં આવી હોય તેને સહાયક મૂડી કહેવામાં આવે છે. જે મકાન અને સંસ્થાઓ જેવી સ્થાવર મિલ્કતમાં રોકવામાં આવી હોય તેને સ્થિર, બાંધી કે સ્થાવર મૂડી અને જે મૂડી કાચો માલ ખરીદવા અને પગાર આપવા જેવાં કામો માટે રોકવામાં આવી હોય તેને ફરતી કે ચાલુ મૂડી કહે છે. કોઈ ધંધામાં મૂડી નાખી હોય તે જરૂર પડ્યે બીજા ધંધામાં ફેરવી શકાતી નથી, ત્યારે કોઈમાં ફેરવી શકાય છે. ન ફેરવી શકાય તેને ડૂબી કે સ્થગિત મૂડી કહેવાય અને ફેરવી શકાય તેને તરતી મૂડી કહેવાય, ગરનાળું કે ભઠ્ઠી બાંધવામાં નાખેલી મૂડી ડૂબી કહેવાય. ત્યારે કાચા માલમાં રોકેલી મૂડી તરતી કહેવાય છે. જે મૂડીની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય..

"જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને મૂડી કહે છે."

સંદર્ભ : **Gujarati Lexicom (W.W.W. Gujarati Lexicom)**

બીજી રીતે કહીએ તો અર્થતંત્રમાં ઉત્પન્ન કરવામાં આવતું ઉત્પાદનનું, ભૌતિક સાધન, ખેડૂતનું દાતરડું, ટ્રેક્ટર, કડિયાનો લેલો, દરજીના સીવવાનો સંચો, કારખાનાની પક્ષ સામગ્રી, પરિવહન માટેનાં સાધનો વગેરે મૂડીનાં સાધનો છે.

મૂડીનો એક બીજો અર્થ પણ થાય છે કે જે નાણાંકીય અસ્કયામતો શેર, બોન્ડ વગેરેને પણ વિત્તય મૂડી કહેવામાં આવે છે.

કાર્યશીલ મૂડીની ખૂબજ સરળ વ્યાખ્યા આમ તો કહી શકાય કે, 'કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો – ચાલુ જવાબદારીઓ.'

કુલ ચાલુ મિલકતો જેવી કે રોકડ બૅન્ક સિલક, દેવાદારો, લેણી હૂંડીઓ વગેરેમાંથી કુલ ચાલુ જવાબદારીઓ જેવી કે લેણદારો, દેવી હૂંડીઓ, ખર્ચા ચૂકવવાના બાકી વગેરે બાદ કરવામાં આવે તો જે તફાવત બાકી રહે તેને કાર્યશીલ મૂડી કહેવાય.

કાર્યશીલ મૂડી એટલે ફરતી મૂડી. કંપનીની ચાલુ મિલકતો જે ધંધાના સામાન્ય ક્રમમાં એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં બદલાતી રહે છે ઉ.દા રોકડમાંથી સ્ટોક, સ્ટોકમાંથી લેણાં અને લેણામાંથી ફરી રોકડમાં –> શ્રી હોગલેન્ડના મતે

બધી ચાલુ મિલકતોએ કાર્યશીલ મૂડી કહેવાય છે.

- ગેસ્ટર્ન બર્ગ ના મતે,

સૂત્ર = ચોખ્ખી કાર્યશીલમૂડી = ચાલુ મિલકતો - ચાલુ જવાબદારીઓ

***- શ્રી હોગલેન્ડ ના મતે***

વ્યાખ્યા

- મૂડી એટલે અર્થતંત્રમાં ઉત્પાદન કાર્યમાં કે અન્ય સેવાકીય કાર્યોમાં વપરાતા ઉત્પાદનનાં સાધનો કે સંપત્તિઓ જે કુશળ કારીગરો, મૂડીપતિઓ, ઉદ્યોગપતિઓ, બેંકો કે વેપારીઓ દ્વારા ઉપયોગમાં લેવાય છે તે મૂડી છે ઉદાહરણ તરીકે મિલ્કતો, નાણાં, જમીન, યંત્ર, સાધનો અસ્કયામતો વગેરેનો સમાવેશ કરી શકાય છે.

***-ડૉ.કેશર ચૌધરી.***

**તમારી પ્રગતિ ચકાસો :**

(1) મૂડીનો ખ્યાલ સમજાવો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

(2) હોગલેન્ડના મતે કાર્યશીલ મૂડી

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

(3) મૂડીની વ્યાખ્યા આપો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

## 3.4 સંપત્તિ (Wealth)

એડમ સ્મિથને અર્થશાસ્ત્રના પિતા કહેવામાં આવે છે. એડમ્ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર.

ઇંગ્લેન્ડમાં ચાલી રહેલી ઔદ્યોગિક ક્રાંતિને કારણે ધનવાન ઉદ્યોગપતિઓના નવા વર્ગનો ઉદય થયો. આ પરિવર્તનથી પ્રભાવિત થઈ એડમ સ્મિથે "રાષ્ટ્રોની સંપત્તિ" (1776માં) નામનું પુસ્તક લખ્યું તેમાં તેમણે સંપત્તિને નોંધપાત્ર મહત્ત્વ આપ્યું છે.

એડમ સ્મિથે ઉપયોગી ચીજવસ્તુઓને સંપત્તિ તરીકે ઓળખાવી ભૌતિક સંપત્તિ પર ભાર મૂકે છે. આમ ઉત્પાદકીય શ્રમને તેઓ ભૌતિક સંપત્તિ સાથે જ સાંકળી લે છે. તેમના મતે માનવી સંપત્તિ પેદા કરે છે, તેનો ઉપયોગ કરે છે, તેની આપ-લે કરે છે અને તેની વહેચણી કરે છે.

માનવીના સંપત્તિ સાથેના આ વ્યવહારને સમજાવવાના આશયથી અર્થશાસ્ત્રમાં સંપત્તિના ઉત્પાદન, વપરાશ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરવામાં આવે છે તથા તેમને લગતાં સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે.

એડમ સ્મિથે અર્થશાસ્ત્રની આપેલી વ્યાખ્યામાં અર્થશાસ્ત્રનો મુખ્ય ધ્યેય સંપત્તિ વધારવાનો છે.

જે કોઈ ચીજ બજારમૂલ્ય ધરાવતી હોય એટલે કે તેના વિનિમયમાં નાણાં અથવા અન્ય વસ્તુઓ મેળવી શકાતી હોય તે સંપત્તિ ગણાય. તેમાં ભૌતિક વસ્તુઓ અને નાણાંકીય તેમજ ભૌતિક અસ્કાયામતો તથા આવકનું સર્જન કરી શકતી અંગત કુશળતાનો સમાવેશ થઈ શકે. સંપત્તિને બે મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય. ભૌતિક, જેનો મોટો ભાગ મૂડી અથવા બિનમાનવીય સંપત્તિઓ બનેલો છે. બીજો પ્રકાર અભૌતિક અથવા માનવીય સંપત્તિનો બનેલો છે. બધી જ સંપત્તી એક મૂળભૂત લાક્ષણિકતા ધરાવે છે. તે આવક સર્જવાની શક્તિ ધરાવે છે આમ સંપત્તિ જથ્થો (Stock) છે જ્યારે આવક પ્રવાહ (Flow) છે.

આમ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આર્થિક વસ્તુને સંપત્તિ ગણવામાં આવે છે. સંપત્તિમાં મકાન, ટી.વી. જેવી ભૌતિક વસ્તુઓ ઉપરાંત પાઘડી જેવી અભૌતિક સેવાઓનો પણ સમાવેશ થાય છે. સંપત્તિમાં બાહ્યતાનો ગુણ હોવો અનિવાર્ય છે. એટલે કે સંપત્તિને તેના માલિકથી અલગ પાડી શકાય તે અનિવાર્ય છે.

પ્રો.માર્શલના મત પ્રમાણે જે વસ્તુમાં તૃષ્ટિગુણ હોય, મર્યાદિત હોય, બદલા પાત્ર હોય અને જેના પર વ્યક્તિગત અધિકાર પ્રાપ્ત થઈ શકે તેમ હોય તેને સંપત્તિ કહેવામાં આવે છે.

પ્રો.માર્શલની વ્યાખ્યા મુજબ સંપત્તિમાં નીચે પ્રમાણેનાં લક્ષણો હોવા જોઈએ.

- તે વસ્તુમાં તૃષ્ટિગુણ હોવો જોઈએ.
- તેની અછત હોવી જોઈએ.
- તે વસ્તુ બાહ્ય હોવી જોઈએ. એટલે કે તેને તેના માલિકથી અલગ પાડી શકાય તેવી હોવી જોઈએ.
- વસ્તુ પરનો અધિકાર બદલી શકાય તેમ હોવો જોઈએ.

**3.4.1 કુદરતી સંપત્તિ : (Natural Resources)**

જમીન પરની સપાટી, જંગલો, ખનીજ પદાર્થો, દરિયામાંથી સાંપડતી ઉપયોગી ચીજો વગેરે. આ કુદરતી સંપત્તિને જમીનનું નામ આપીને ઉત્પાદનના એક સાધન તરીકે તેને જુદા જુદા વર્ગમાં મૂકવામાં પ્રયોજાય છે. કુદરતી ચીજોને કુદરતી સંશાધનો પણ કહેવામાં આવે છે. તેમાં અપાર વૈવિદ્ય હોવાથી તેમનું માપ કાઢવાનું મુશ્કેલ બને છે.

કુદરતી સંપત્તિનો આધાર ટેક્નોલોજીના વિકાસ પર પણ રહેલો છે. દા.ત સૂર્યની ગરમીમાંથી ઓછા ખર્ચ વીજળી ઉત્પન્ન કરી શકાય. એવી ટેક્નોલોજી વિકસે તો તે એક કુદરતી સાધન બની જાય છે.

અર્થશાસ્ત્રમાં સંપત્તિ એટલે કે ભૌતિક કે અભૌતિક વસ્તુઓ કે સેવાઓમાં માનવીની કોઈ એક જરૂરિયાત સંતોષવાની શક્તિ હોય તેને સંપત્તિ કહે છે. જેમ કે, અનાજ, વસ્તુઓ, સેવાઓ વગેરે

*-ડૉ.કેશર ચૌધરી*

**તમારી પ્રગતિ ચકાસો (ખાલી જગ્યાઓ પૂરો)**

1. અર્થશાસ્ત્રના પિતા ................ છે.
2. એડમ સ્મિથે અર્થશાસ્ત્રને ............ નું શાસ્ત્ર કહ્યું છે.
3. અર્થશાસ્ત્રમાં સંપત્તિ ............. ને કહી શકાય.
4. કુદરતી સંપત્તિ એ .............. છે (જમીન, ટીવી)
5. કુદરતી સંપત્તિનો આધાર ............. ઉપર રહેલો છે.

**નીચેના ખ્યાલો સમજાવો.**

1. માર્શલની વ્યાખ્યાનાં લક્ષણો સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. કુદરતી સંપત્તિ વિશે સમજૂતી આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 3.5 તૃષ્ટિગુણ (Utility)

ઉપભોક્તા પોતાની આવક કઈ રીતે ખર્ચે છે તે સમજાવવાનો પ્રયત્ન પ્રો.માર્શલ તૃષ્ટિગુણ વિશ્લેષણ દ્વારા કર્યો છે. તૃષ્ટિગુણ વસ્તુમાં રહેલી માનવ જરૂરિયાતને સંતોષવાનો ગુણ છે.

તૃષ્ટિગુણ એટલે વસ્તુમાં રહેલી માનવીની કોઈ પણ જરૂરિયાત સંતોષવાની શક્તિ. જે વસ્તુ માનવીની જરૂરિયાત સંતોષી શકે છે. તેમાં તૃષ્ટિગુણ છે.

જે વસ્તુ માનવીની જરૂરિયાત સંતોષી શકતી નથી તેમાં તૃષ્ટિગુણ નથી. અનાજમાં તૃષ્ટિગુણ છે. કચરામાં તૃષ્ટિગુણ નથી. જે વસ્તુ તૃષ્ટિગુણ ધરાવે છે. તેની જ બજારમાં માંગ હોય છે અને તૃષ્ટિગુણને લીધે જ ગ્રાહકો તે વસ્તુ મેળવવા માટે કિંમત આપવા તૈયાર થાય છે.

તૃષ્ટિગુણનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી ભિન્ન ભિન્ન વ્યક્તિઓને એક જ વસ્તુમાંથી મળતો સંતોષ જુદો જુદો હોઈ શકે છે. તૃષ્ટિગુણ ભાવાત્મક હોવાથી તેને માપી પણ ન શકાય. છતાં વ્યક્તિની વસ્તુ માટે કિંમત ચૂકવવાની તૈયારી કંઈક માટે ઊંચી કિંમત ચૂકવવા તૈયાર હોય તો તેમાંથી મળતો તૃષ્ટિગુણ વધારે હશે તેમ કહી શકાય. નાણું, આમ તૃષ્ટિગુણનો માપદંડ બની શકે. અલબત્ત, આ માપદંડ સંપૂર્ણ આધારભૂત નથી.

તૃષ્ટિગુણ વસ્તુનો આંતરિક ગુણ નથી. બીજી રીતે કહીએ તો તૃષ્ટિગુણનો ખ્યાલ વસ્તુલક્ષી નથી, વ્યક્તિલક્ષી છે. સિગારેટ ભૌતિક રીતે બધી વ્યક્તિઓ માટે એક સરખી છે છતાં બધી વ્યક્તિઓ માટે તે તૃષ્ટિગુણ ધરાવે છે એમ કહી શકાય નહિ. ધુમ્રપાનના શોખીનો માટે સિગારેટમાં પુષ્કળ તૃષ્ટિગુણ છે, પણ જેમને ધૂમ્રપાન તરફ અણગમો છે. તેમના માટે એજ સિગારેટ સાવ નકામી છે.

તૃષ્ટિગુણ એટલે આનંદ નહીં, દવામાં તૃષ્ટિગુણ છે. પણ દવા આનંદદાયક હોતી નથી. તૃષ્ટિગુણ એટલે ઉપયોગીતા પણ નહીં, શરાબી માટે દારૂમાં તૃષ્ટિગુણ હોય છે પણ તેના સ્વાસ્થ્ય માટે તે હિતાવહ નથી જ.

પ્રો.માર્શલના મતે તૃષ્ટિગુણ શબ્દ બે શબ્દોનો બનેલ છે. (1) તૃષ્ટિ (2) ગુણ. તૃષ્ટિનો અર્થ સંતોષ થાય છે અને ગુણનો અર્થ શક્તિ થાય છે. આથી

"સામાન્ય રીતે વસ્તુ કે સેવામાં જરૂરિયાત સંતોષવાના રહેલા ગુણ કે શક્તિને તૃષ્ટિગુણ કહેવામાં આવે છે."

ઉદાહરણ તરીકે વ્યક્તિને ભૂખ લાગી હોય ત્યારે અનાજથી ભૂખની જરૂરિયાત સંતોષાય છે, તેથી અનાજમાં તૃષ્ટિગુણ છે આજ રીતે ડૉક્ટરની સેવામાં દર્દીનું દર્દ મટાડવાની શક્તિ કે ગુણ હોવાથી દર્દીને તેમાં તૃષ્ટિગુણ મળે છે.

**3.5.1 કુલ તૃષ્ટિગુણનો અર્થ :**

વાપરવામાં આવેલા વસ્તુનાં બધાં એકમોના તૃષ્ટિગુણના સરવાળાને કુલ તૃષ્ટિગુણ કહેવામાં આવે છે, દા.ત. વસ્તુના ત્રણ એકમોની વપરાશ કરવામાં આવી છે. અને પ્રથમ એકમનો તૃષ્ટિગુણ 20, બીજા એકમનો તૃષ્ટિગુણ 15 અને ત્રીજા એકમનો તૃષ્ટિગુણ 10 છે આ પરિસ્થિતિમાં ત્રણ એકમોની વપરાશમાંથી મળતો કુલ તૃષ્ટિગુણ 20 + 15 + 10 = 45 થશે.

**3.5.2 સીમાંત તૃષ્ટિગુણનો અર્થઃ**

સીમાંત તૃષ્ટિગુણ એટલે વસ્તુની વપરાશમાં એક એકમના ફેરફારને લીધે કુલ તૃષ્ટિગુણમાં થતો ફેરફાર સરળ શબ્દોમાં કહીએ તો વસ્તુના એક વધારાના એકમની વપરાશને પરિણામે કુલ તૃષ્ટિગુણમાં જે વધારો થાય છે તેને સીમાંત તૃષ્ટિગુણ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે વસ્તુના પ્રથમ એકમની વપરાશ કરવામાં આવે છે ત્યારે કુલ તૃષ્ટિગુણ 20 એકમ છે અને બે એકમોની વપરાશ કરવામાં આવે છે ત્યારે તે 35 એકમ છે. આ પરિસ્થિતિમાં બે એકમોની વપરાશની સપાટીએ સીમાંત તૃષ્ટિગુણ 35 - 20 = 15 એકમ છે.

**તમારી પ્રગતિ ચકાસો**

1. તૃષ્ટિગુણ એટલે શું ?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

2. કુલ તૃષ્ટિગુણ સમજાવો.

   ..................................................................
   ..................................................................
   ..................................................................

3. તૃષ્ટિગુણનો ખ્યાલ વસ્તુલક્ષી નથી વ્યક્તિલક્ષી છે સમજાવો.

   ..................................................................
   ..................................................................
   ..................................................................

**ખાલી જગ્યા પૂરો**

1. તૃષ્ટિ એટલે ............ (સંતોષ, ગુણ)
2. ગુણ એટલે ............ (શક્તિ, સંતોષ)

3. ડૉક્ટરની સેવામાંથી તૃષ્ટિગુણ મળે છે. ............ (હા કે ના)

4. ધુમ્રપાન તરફ અણગમો છે તે વ્યક્તિને સિગારેટમાં તૃષ્ટિગુણ છે. (હા કે ના)

5. જે વસ્તુ માનવીની જરૂરિયાત સંતોષતી નથી તેમાં તૃષ્ટિગુણ છે. ..........(હા કે ના)

## 3.6 સેવા (Service) :

ભૌતિક કે અભૌતિક વસ્તુમાં માત્ર માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય પરંતુ, જો તેનો વિનિમય ના થઈ શકતો હોય તો વસ્તુ ગણી શકાય નહી. દા.ત. વકીલની તર્કશક્તિ કે ગાયકની ગાવાની શક્તિ તેમનો આંતરિક ગુણ છે. તેથી તેમાં જરૂરિયાત સંતોષવાની શક્તિ હોવા છતાં વસ્તુ નથી. વકીલની સેવા એ વસ્તુ છે. કારણ કે તેનો વિનિમય થઈ શકે છે, વકીલ તેની સેવા અન્યને આપી શકે છે. પરંતુ વકીલની તર્કશક્તિ તેનો આંતરિક ગુણ છે તેનો વિનિમય થઈ શકતો નથી.

અર્થશાસ્ત્રમાં અભૌતિક વસ્તુઓને સેવાઓ કહેવામાં આવે છે. સામાન્ય રીતે તેમનું જ્યારે ઉત્પાદન થતું હોય ત્યારે જ તેમની વપરાશ પણ થાય છે. સેવાઓનું હસ્તાંતર કરી શકાતું નથી, એટલે કે તે ખરીદીને બીજાઓને વેચી શકાતી નથી. અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો એવી કોઈ પણ કામગીરીઓ જેના માટે બજારમાં માંગ હોય અને જેમની કિંમત બજારમાં નક્કી થતી હોય તે સેવાઓ છે.

"જેનામાં માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય તથા વિનિમય થઈ શકતો હોય તેવી અભૌતિક કામગીરીઓને સેવા કહેવામાં આવે છે. દા.ત, વકીલની સેવા, ડૉક્ટરની સેવા, ઈજનેરની સેવા, અધ્યાપકની સેવા વગેરે અભૌતિક હોવાથી તેને સેવાના નામે ઓળખવામાં આવે છે."

સેવાઓ પૂરી પાડતો અર્થતંત્રનો વિભાગ તેને સંયુક્ત રીતે અર્થતંત્રનો તૃતીય વિભાગ પણ કહેવામાં આવે છે. આ વિભાગમાં વ્યક્તિગત રીતે ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી તબીબી સારવાર કે તેમને પુરુ પાડવામાં આવતી કમ્પ્યુટર, કાનુની વગેરે તમામ સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે. પરિવહન, નાણાંવટું, વીમો વગેરે સેવાઓ પણ આ વિભાગનો હિસ્સો 70 ટકા જેટલો છે જ્યારે ભારત જેવા વિકાસશીલ દેશમાં પણ તેનો હિસ્સો લગભગ 50 ટકા જેટલો છે.

**તમારી પ્રગતિ ચકાસો**

1. સેવાઓ વિશે સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

2. સેવાઓએ અર્થતંત્રનો હિસ્સો છે ?

.................................................................

.................................................................

.................................................................

## 3.7 ઉત્પાદન (Production)

વસ્તુમાં રહેલા તૃષ્ટિગુણમાં ઉમેરો કરવાની પ્રક્રિયા, વપરાશ અથવા મૂડીરોકાણ માટે આવશ્યક વસ્તુમાં ઉત્પાદનનાં સાધનોનું રૂપાંતર કરવાની પ્રક્રિયા.

"સામાન્ય માનવીની દૃષ્ટિએ ઉત્પાદન એટલે કોઈ નવી વસ્તુનું સર્જન છે"

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આ સાચું નથી કારણ કે માનવી કોઈ વસ્તુનું સર્જન કે વિનાશ કરી શકતો નથી. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ તો ઉત્પાદન એટલે તૃષ્ટિગુણનું સર્જન છે.

માનવી જ્યારે કુદરતે આપેલી વસ્તુના સ્વરૂપમાં ફેરફાર કરીને, વસ્તુના તૃષ્ટિગુણમાં વધારો કરે છે તેને ઉત્પાદન કહેવામાં આવે છે. દા.ત. સુથાર લાકડામાંથી ફર્નિચર બનાવે ત્યારે લાકડાં કરતા ફર્નિચરમાં વધુ તૃષ્ટિગુણ મળે છે એટલે કે લાકડાના ટુકડા કરતાં ફર્નિચર સ્વરૂપમાં માનવ જરૂરિયાત

સંતોષવાનો ગુણ વધે છે. તેથી સુથારના આ કાર્યને ઉત્પાદન કહી શકાય.

આ રીતે લુહારની લોખંડમાંથી તિજોરી બનાવવાની કે મોચીની ચામડામાંથી પગરખાં બનાવવાની ક્રિયા ઉત્પાદન છે.

"ઉત્પાદન એટલે માત્ર ભૌતિક પદાર્થોનું સર્જન નથી પણ તૃષ્ટિગુણ વગરના કે ઓછા તૃષ્ટિગુણવાળા પદાર્થોનું વધુ તૃષ્ટિગુણવાળા પદાર્થોમાં રૂપાંતર કરવાની પ્રક્રિયા છે."

ઉત્પાદન ત્યારે જ કહેવાય કે જ્યારે વસ્તુના તૃષ્ટિગુણમાં વધારો થતો હોય તે વસ્તુની બજારમાં માંગ થતી હોય અને વિનિમય મૂલ્ય ધરાવતી હોય જે વસ્તુની બજારમાં છત હોય. અને વિનિમય મૂલ્ય ના હોય તે પદાર્થનું રૂપાંતર તૃષ્ટિગુણ વધારો કરતું હોવા છતાં ઉત્પાદન ગણી શકાય નહી.

"ઉત્પાદન એટલે સંપત્તિનું સર્જન કહી શકાય."

ઉત્પાદન શબ્દ માત્ર ભૌતિક વસ્તુના સર્જનના સંદર્ભમાં જ વપરાતો નથી. શિક્ષક, નર્સ કે એન્જિનિયરની અભૌતિક સેવાઓનું સર્જન પણ ઉત્પાદન કહી શકાય

જે વસ્તુના સર્જન કે રૂપાંતરની ક્રિયા પાછળ આર્થિક ઉદ્દેશ હોય ત્યારે જ ઉત્પાદન થયું ગણાય છે. દા.ત. કોઈ શિક્ષક પોતાના પુત્રના પ્રેમને કારણે શિક્ષણની સેવા આપતો હોય ત્યારે શૈક્ષણિક સેવાનું ઉપયોગિતા મૂલ્ય તથા વિનિમય મૂલ્ય હોવા છતાં ઉત્પાદન ગણી શકાય નહી. પરંતુ આજ શિક્ષક અન્ય વિદ્યાર્થીને શિક્ષણ આપે અને ટ્યુશન ફી (Fee) વસૂલ કરે છે ત્યારે તે શિક્ષકની સેવાનું ઉત્પાદન થયું કહેવાય છે.

સામાન્ય રીતે વસ્તુની ત્રણ રીતમાં વધારો થઈ શકે છે. વસ્તુના સ્વરૂપમાં, રૂપાંતર, વસ્તુના સ્થળમાં રૂપાંતર, વસ્તુના સમયમાં રૂપાંતર, વસ્તુના કદ, આકાર, સ્વરૂપ કે રંગમાં પરિવર્તન કરી તેમાં તૃષ્ટિગુણમાં વધારો કરવાની ક્રિયાને ઉત્પાદન કહેવામાં આવે છે. દા.ત. સુતરના રેસામાંથી કાપડ બનાવવાની ક્રિયા એ ઉત્પાદન છે.

**તમારી પ્રગતિ તપાસો**

1. ઉત્પાદન શબ્દ માત્ર ભૌતિક વસ્તુના સંદર્ભમાં વપરાતો નથી સમજાવો.

   .................................................................................

   .................................................................................

   .................................................................................

2. સુથારનું લાકડું ઉત્પાદન કહી શકાય સમજાવો.

   .................................................................................

   .................................................................................

   .................................................................................

3. ઉત્પાદન કોને કહી શકાય ઉદાહરણ સહિત સમજાવો.

   .................................................................................

   .................................................................................

   .................................................................................

## 3.8 માંગ (Demand)

અર્થશાસ્ત્રમાં વસ્તુની માંગ એટલે સમયના ચોક્કસગાળા દરમિયાન, ચોક્કસ કિંમતે, ગ્રાહકો વસ્તુનું જે પ્રમાણ ખરીદવા તૈયાર છે તે માંગ છે.

વસ્તુની માંગની આ વ્યાખ્યાનું વિશ્લેષણ કરતાં આપણને ત્રણ મહત્ત્વના મુદ્દા જાણવા મળે છે, (1) માંગ એટલે ઈચ્છા નહીં.

સામાન્ય વ્યવહારમાં આપણે ઈચ્છા અને માંગ વચ્ચે ભેદ પાડતા નથી. પરંતુ અર્થશાસ્ત્રમાં માત્ર ઈચ્છાને માંગ કહી શકાય નહીં એ સાચું છે કે વસ્તુની ઈચ્છા જ ન હોય તો માંગ અસ્તિત્વમાં

આવી શકતી નથી. પણ માંગને અસ્તિત્વમાં લાવવા માટે માત્ર ઈચ્છાનું હોવું પુરતું નથી. ગરીબ વ્યક્તિને મારૂતીકારની ઈચ્છા હોઈ શકે પણ એ ઈચ્છા વ્યક્ત કરવા માટે એની પાસે પૂરતી ખરીદશક્તિ નથી. આથી તેની આ ઈચ્છાને માંગ કહી શકાય નહીં. કોઈ એક વ્યક્તિને મારૂતિકાર ધરાવવાની ઈચ્છા હોય અને એ ખરીદવા માટે પૂરતું નાણું હોય, પણ કંજૂસ સ્વભાવના લીધે નાણું ખર્ચવાની વૃત્તિ ન હોય અથવા બજારમાં એ કાર ઉપલબ્ધ ન હોવાને લીધે નાણું ખર્ચી શકતી ન હોય અથવા સરકારના કાયદાને લીધે નાણું ખર્ચતા અચકાતી હોય તો પણ તે પોતાની આ ઈચ્છા વ્યક્ત કરી શકતી નથી અને તેથી તેને માંગ કહી શકાય નહીં સ્પષ્ટ છે કે ત્રણ શરતોનું પાલન થાય ત્યારે વસ્તુની માંગ અસ્તિત્વમાં આવે છે. (અ) વસ્તુની ઈચ્છા હોવી જોઈએ (બ) એ વસ્તુ ખરીદવા માટે પૂરતું નાણું હોવું જોઈએ. (ક) એ નાણું ખર્ચવાની તૈયારી તથા અનુકૂળતા હોવી જોઈએ.

(2) સમયના કોઈ એક જ ગાળા દરમ્યાન કોઈ એક વસ્તુની માંગ જુદી જુદી કિંમતે જુદી જુદી હોય છે. દા.ત. કોઈ એક વિસ્તારમાં અઠવાડિયા દરમ્યાન ખાંડની બજાર માંગ કિગ્રા દીઠ રૂા 10ની કિંમતે 10 ક્વિન્ટલ હોય તો રૂપિયા 8 ની કિંમતે તેની બજાર માંગ એનાથી વધુ કહો કે 13 ક્વિન્ટલ હશે. આ કારણસર માંગના પ્રમાણ સાથે એકમદીઠ કિંમત દર્શાવવી જરૂરી છે.

(3) કિંમત સ્થિર હોય તો પણ સમયના જુદા જુદા ગાળા દરમ્યાન વસ્તુની માંગ જુદી જુદી હોય છે. દા.ત - કોઈ એક વિસ્તારમાં કિગ્રા દીઠ 10 રૂ. કિંમતે ખાંડની બજારમાંગ અઠવાડિયા દરમ્યાન 10 કિવિન્ટલ હોય તો મહિના દરમ્યાન તેનાથી વધુ કહો કે 40 ક્વિન્ટલ હશે. આ કારણસર માંગના પ્રમાણ સાથે માત્ર એકમદીઠ કિંમત જ નથી. સમયગાળાનો ઉલ્લેખ પણ આવશ્યક છે.

આમ માંગનો ખ્યાલ સાપેક્ષ ખ્યાલ છે કારણ કે વસ્તુની માંગનું પ્રમાણ હંમેશા કિંમતના સંદર્ભમાં તેમજ સમયગાળાના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે.


"સામાન્ય પરિભાષામાં કોઈ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઈચ્છાને માંગ તરીકે ઓળખવામાં આવે છે."

"કોઈ એક સમયે અને સ્થળે ચોક્કસ કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા + શક્તિ + કિંમત ચુકવવાની તૈયારી હોય અને તે ચીજની ઉપલબ્ધિ હોય ત્યારે માંગ કહેવાય છે."

ચોક્કસ સમયગાળા દરમિયાન ચોક્કસ કિંમતે વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ જ જથ્થામાં વસ્તુ ખરીદવા ઈચ્છતો હોય તે જથ્થો તે માંગ છે.

**3.8.1 માંગરેખા :**

ચોક્કસ સમયગાળા દરમિયાન વસ્તુની જુદી જુદી સંભવિત કિંમતે ગ્રાહકો જે જથ્થામાં તે વસ્તુ ખરીદવા ઈચ્છતા હોય તે સંબંધ દર્શાવતી રેખા ટૂંકમાં વસ્તુની કિંમત અને વસ્તુના ખરીદવામાં આવતા જથ્થા વચ્ચેનો સબંધ દર્શાવતી રેખા.



**તમારી પ્રગતિ ચકાસો**

1. માંગનો ખ્યાલ .......... હોય છે. (સાપેક્ષ, નિરપેક્ષ)
2. કિંમત સ્થિર હોય તો પણ સમયના જુદા જુદા ગાળા દરમ્યાન વસ્તુની માંગ .......... હોય છે. (જુદી જુદી, એક સમાન)
3. કોઈ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઈચ્છાને ............. કહે છે (માંગ, કિંમત)

**પ્રશ્નોના જવાબ આપો**

1. માંગરેખા એટલે શું ?

...................................................................................

...................................................................................

...................................................................................

2. માંગની વ્યાખ્યાનું વિશ્લેષણ સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

3. માંગ એટલે શું ?

...................................................................................

...................................................................................

...................................................................................

## 3.9 પુરવઠો (Supplies)

વસ્તુના કુલ ઉત્પાદનનો અમુક ભાગ ગોદામોમાં રાખવામાં આવે તેને જથ્થો કહેવાય. જથ્થો અમુક પ્રમાણમાં છે એમ કહેવાય, જ્યારે પુરવઠો માંગની જેમ એક પ્રવાહ છે અને તેથી તેને સમય-પરિમાણ છે. દર મહિને કે દર વર્ષ વસ્તુનો પુરવઠો અમુક પ્રમાણમાં થાય છે એમ કહેવાય. જથ્થાને જો આપણે ટાંકીમાં રહેલા પાણી સાથે સરખાવીએ તો પુરવઠાને નળ દ્વારા ટાંકીમાંથી વહેતા પાણી સાથે સરખાવી શકાય. અહીં મિનિટ દીઠ કેટલું પાણી વહે છે એ આપણે કહી શકીએ છીએ. પુરવઠો કિંમતના સંદર્ભમાં જ સમજવામાં આવે છે કોઈ એક સમયે આપેલા સંદર્ભમાં વસ્તુ કેટલા પ્રમાણમાં વેચવા માટે વેચનાર તૈયાર અને શક્તિમાન છે તે વસ્તુનો પુરવઠો દર્શાવે છે.

"જુદી જુદી કિંમતોએ ચોક્કસ સમયગાળા દરમિયાન વેચનારાઓ જે જથ્થામાં વસ્તુ વેચવા તૈયાર હોય તેને પુરવઠો કહેવામાં આવે છે."

અર્થશાસ્ત્રમાં પુરવઠાનો વિશિષ્ટ અર્થ છે. પુરવઠો એટલે ચોક્કસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો જુદી જુદી કિંમતે વસ્તુનું જે પ્રમાણ બજારમાં વેચાણમાટે મૂકવા તૈયાર છે, તે આ અર્થઘટન મુજબ અર્થશાસ્ત્રમાં પુરવઠો કહેવાય છે.


પુરવઠાની ઉપરોક્ત વ્યાખ્યામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે પુરવઠો હંમેશા કિંમત અને સમયગાળાના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે. કારણ કે અમુક સમયગાળા દરમ્યાન જુદી જુદી કિંમતે પુરવઠાનું પ્રમાણ જુદું જુદું હોય છે અને અમુક કિંમતે જુદા જુદા સમયગાળા દરમ્યાન પણ પુરવઠાનું પ્રમાણ જુદું જુદું હોય છે. ચોક્કસ સમયગાળા દરમ્યાન કિંમત જેમ વધુ તેમ પુરવઠાનું પ્રમાણ વધુ હોય છે અને કિંમત ઓછી તેમ પુરવઠાનું પ્રમાણ ઓછું હોય છે. ચોક્કસ કિંમતે, સમયગાળો જેમ લાંબો તેમ પુરવઠાનું પ્રમાણ વધુ હોય છે અને સમયગાળો જેમ ટૂંકો તેમ પુરવઠાનું પ્રમાણ ઓછું હોય છે.

"અર્થશાસ્ત્રમાં કોઈ એક ઉત્પાદક કે વેપારી (પેઢી) દ્વારા જુદી જુદી કિંમતે કેટલો પુરવઠો વેચવાની તૈયારી છે તે દર્શાવતી યાદીને પુરવઠો કહે છે."

"કોઈ એક સમયે અને કિંમતે વિક્રેતાઓ વસ્તુનો જેટલો જથ્થો વેચવા તૈયાર અને શક્તિમાન હોય તે વસ્તુનો પુરવઠો કહેવાય છે."

### 3.9.1 પુરવઠા રેખા

વસ્તુના પુરવઠા અને તેની કિંમત વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખા. કિંમત અને વેચવામાં આવતા જથ્થાની વચ્ચે સીધો સંબંધ હોવાથી પુરવઠાની રેખા ધન ઢાળની હોય છે.




**તમારી પ્રગતિ તપાસો**

1. પુરવઠાનો ખ્યાલ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

2. પુરવઠા રેખા દોરો સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

3. પુરવઠાની પરિભાષા સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

### 3.10 જથ્થો (Quanity) :

યોજક ઉત્પન્ન કરેલ વસ્તુમાંથી ચોક્કસ કિંમતે જેટલા એકમો વેચવા તૈયાર હોય તે તેનો પુરવઠો બને છે અને બાકી રહેલ ભાગ જથ્થો બને છે. દા.ત. ધારો કે, કોઈ ઉત્પાદકે વર્ષ દરમિયાન x નામની વસ્તુના 5000 એકમના કરેલા ઉત્પાદનમાંથી રૂા 10 ની કિંમતે 4000 એકમ વેચવાની તૈયારી હોય તો રૂ 10ની કિંમતે x નો પુરવઠો 4000 એકમ ગણાય છે અને બાકી રહેલ 1000 એકમ એ તેના જથ્થો અથવા સ્ટોક કહેવાય છે.

- **પ્રો.આર.જી. લિપ્સી :**

વસ્તુનો પુરવઠો એટલે 'વસ્તુનો એ જથ્થો કે જે ઉત્પાદક વેચવા માટે શક્તિમાન હોય અને તૈયાર પણ હોય છે.'

### 3.10.1 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત :

સામાન્ય રીતે આપણે જથ્થા અને પુરવઠા વચ્ચે કોઈ ભેદ જોતા નથી પરંતુ અર્થશાસ્ત્રમાં

જથ્થો અને પુરવઠો વચ્ચે તફાવત છે. કોઈ પણ ઉત્પાદક વસ્તુઓનું ઉત્પાદન કરે છે પરંતુ, બધું જ ઉત્પાદન તે એક સાથે વેચવા માટે મૂકતો નથી. વસ્તુનું જેટલું પણ ઉત્પાદન થાય છે તેને તે વસ્તુનો જથ્થો (stock) કહે છે.

આ જથ્થામાંથી ઉત્પાદક અથવા તો વેચનાર અમુક જથ્થો બજારમાં નિશ્ચિત સમયગાળામાં અમુક ચોક્કસ કિંમતે વેચવા માટે મૂકે છે. આમ, જેટલો જથ્થો બજારમાં આવે છે તેને પુરવઠો કહે છે. આમ પુરવઠો વસ્તુના જથ્થા કરતાં ઓછો અથવા તો જથ્થા જેટલો હોઈ શકે પરંતુ જથ્થા કરતાં વધારે ન હોઈ શકે.

દા.ત. કોઈ ઉત્પાદક 500 મિટર કાપડનું ઉત્પાદન કરે છે. આથી 500 મિટર કાપડ એ વસ્તુનો જથ્થો છે. હવે આ જથ્થામાંથી જો તે 300 મિટર કાપડ અમુક ચોક્કસ કિંમતે બજારમાં વેચવા માટે મૂકે તો તેને પૂરવઠો કહે છે. આમ, કેટલો જથ્થો તે બજારમાં વેચવા માટે મૂકશે તેનો આધારે તે વસ્તુની બજાર કિંમત ઉપર રહેલો છે. જો વસ્તુની કિંમત વધુ હોય તો તે વધુ જથ્થો વેચવા માટે મૂકશે. આથી પૂરવઠો વધશે, જો બજાર કિંમત ઓછી હશે તો ઓછો જથ્થો બજારમાં મૂકશે. આથી પુરવઠો ઘટશે, માટે જો અન્ય પરિબળો યથાવત્ રહે અને વસ્તુની કિંમત ઘટે તો પુરવઠો ઘટે અને વસ્તુની કિંમત વધે તો પુરવઠો વધે. આમ, વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે અથવા ધન સંબંધ છે. અહીં વસ્તુની કિંમતમાં થતો ફેરફાર એ કારણ છે જ્યારે પુરવઠામાં થતો ફેરફાર એ અસર છે અથવા તે પરિણામ છે. વસ્તુની કે સેવાની કિંમત અને પુરવઠા વચ્ચે કાર્યકારણનો સંબંધ છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. જથ્થો સમજાવો. ઉદાહરણ સહિત

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 3.11 મૂલ્ય (Value)

અર્થશાસ્ત્રમાં મૂલ્યનો અર્થ વપરાશ મૂલ્યની રીતે નહિં પણ વિનિમય મૂલ્યની રીતે કરવામાં આવે છે. એટલે કે હવામાં મૂલ્ય નથી. જ્યારે ખોરાકમાં મૂલ્ય છે એમ કહી શકાય. એક ચીજનો વિનિમય કરીને બદલામાં જે મળે તે ચીજનું મૂલ્ય દર્શાવે છે. જેમ કે તમે એક કેરી આપીને બદલામાં પાંચ આંબળા મેળવો તો એક કેરીનું મૂલ્ય પાંચ આંબળા કહેવાય. મૂલ્ય હંમેશા સરખામણીની રીતે જ નક્કી થાય છે.

''મૂલ્ય એટલે એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ કેટલા પ્રમાણમાં મેળવી શકાય છે તે જો કે વિનિમય મૂલ્ય હોવા માટે ઉપયોગિતાનું મૂલ્ય હોવું જરૂરી છે.''

અર્થશાસ્ત્રમાં મૂલ્ય એટલે કોઈ પણ વસ્તુમાં રહેલી અન્ય વસ્તુ ખરીદવાની શક્તિ અથવા વ્યક્તિની જરૂરિયાત સંતોષવાની શક્તિ.

### 3.11.1 વપરાશમૂલ્ય (Access Value)

હવા, સૂર્યપ્રકાશની કોઇ કિંમત ચૂકવવી ન પડે પણ તેની અગત્યતા આપણા જીવનમાં બેહદ છે માત્ર વપરાશની રીતે ચીજની જ અગત્યતા છે તેને તેના વપરાશ મૂલ્ય તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે બીજી બાબતનો કે વસ્તુઓનો વિચાર કર્યા વિના કોઇ વસ્તુના વપરાશમૂલ્યનો વિચાર કરવામાં આવે છે. હવા, પ્રકાશ, પાણી વગેરે આપણા જીવનમાં કેટલા અંશે અગત્યનાં છે તે જાણીને તેમનું વપરાશ મૂલ્ય જાણી શકીએ.

જે ચીજની આપણા જીવનમાં કાંઇ જ અગત્યતા ન હોય જેમ કે, કચરો, કાંટા, દારૂ, ઝેર વગેરે તો તેઓમાં વપરાશ મૂલ્ય નથી તેમ કહેવાય પણ જો કોઇને દારૂ પીવો ગમતો હોય તો દારૂમાં વપરાશ મૂલ્ય છે તેમ કહેવાય.

### 3.11.2 વિનિમય મૂલ્ય (Exchange Value)

જો કોઇ વસ્તુના બદલામાં બીજી વસ્તુ મેળવી શકાતી હોય એટલે કે વસ્તુનો વિનિમય થઈ શકતો હોય તો વસ્તુમાં વિનિમય મૂલ્ય છે તેમ કહેવાય. ધારો કે કોઇ વસ્તુ વપરાશ મૂલ્ય ધરાવે છે પરંતુ, જો તે વસ્તુ આપીને બીજી વસ્તુ ન મેળવી શકાતી હોય તો તેનામાં વિનિમય મૂલ્ય નથી તેમ કહેવાય. જો કોઈ વસ્તુના બદલામાં બીજી વસ્તુ વધુ મેળવી શકાતી હોય તો તેનું વિનિમય મૂલ્ય વધુ અને જો ઓછી વસ્તુ મેળવી શકાય તો વિનિમય મૂલ્ય ઓછું. તેવી જ રીતે જો વસ્તુની અછત હોય તો તે વસ્તુ આપી વધુ વસ્તુ મેળવી શકાતી હોવાથી તેનું વિનિમય મૂલ્ય વધુ છત-અછત પણ વસ્તુના વિનિમય મૂલ્ય પર અસર કરે છે. સર્વ સુલભ વસ્તુઓ માત્ર વપરાશ મૂલ્ય ધરાવે છે, જ્યારે આર્થિક વસ્તુઓ વિનિમય મૂલ્ય અને વપરાશ મૂલ્ય બંને ધરાવે છે. જેનું વિનિમય મૂલ્ય હોય તેનું વપરાશ મૂલ્ય હોય જ.

અર્થશાસ્ત્રમાં વિનિમય મૂલ્યને 'મૂલ્ય' તરીકે ગણવામાં આવે છે. આમ, એક વસ્તુનો વિનિમય કરીને બદલામાં બીજી જે વસ્તુ મળે છે તે આપવામાં આવેલી વસ્તુનું મૂલ્ય દર્શાવે છે. દા.ત. જો એક સફરજનના બદલામાં 5 કેળાં મળે તો એક સફરજનનું મૂલ્ય 5 કેળાં કહેવાય. જો એક સફરજનના બદલામાં 2 નારંગી મળે તો એક સફરજનનું મૂલ્ય 2 નારંગી કહેવાય. આમ, એક જ વસ્તુનું મૂલ્ય જુદું જુદું હોઇ શકે.

''મૂલ્ય એટલે વપરાશની રીતે વસ્તુની અગત્યતા નહિ, પણ કોઈ વસ્તુની બીજી વસ્તુ પરની વર્ચસ્વશક્તિ કે વિનિમય શક્તિ.''

''એક ચીજનો વિનિમય કરીને બદલામાં જે મળે તે ચીજનું મૂલ્ય દર્શાવે છે.''

**તમારી પ્રગતિ તપાસો.**

1. મૂલ્ય એટલે શું ? સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. વપપરાશ મૂલ્ય સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. વિનિમય મૂલ્ય એટલે શું ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

.....................................................................

.....................................................................

## 3.12 કિંમત (Price)

સાટા પદ્ધતિ કે વસ્તુ વિનિમયની પદ્ધતિ જ્યારે અમલમાં હતી ત્યારે એક વસ્તુને બદલે બીજી વસ્તુઓ આપવામાં આવતી હતી. વર્તમાન સમયમાં કોઇ એક વસ્તુ આપીને નાણું મેળવવામાં આવે છે અને તે નાણાં દ્વારા બીજી વસ્તુ ખરીદવામાં આવે છે. આમ, કિંમત એટલે વસ્તુના મૂલ્યની નાણાંના સ્વરૂપમાં થતી રજૂઆત. એટલે કે નાણાંમાં વ્યક્ત કરાયેલું વસ્તુનું મૂલ્ય. દા.ત. 1 સફરજન = 8 રૂ. હોય તો 8 રૂ. એ સફરજનની કિંમત ગણવામાં આવે છે તેવી જ રીતે 5 કેળાં = 20 રૂ. હોય તો 1 કેળાંની કિંમત 4 રૂ. કહેવાય છે.

"કિંમત એટલે નાણાંમાં વ્યક્ત થતું વિનિમય મૂલ્ય. કોઈ એક વસ્તુ ખરીદવા માટે જેટલાં નાણાં ચૂકવવા પડે એ તે વસ્તુની કિંમત છે."

**કિંમત એટલે નાણાં રજૂ થતું વસ્તુનું મૂલ્ય :**

– વસ્તુ કે સેવાના વિનિમય મૂલ્યને નાણાંમાં (પૈસામાં) વ્યક્ત કરવામાં આવે ત્યારે તેને કિંમત કહેવાય છે.

– કિંમત એટલે વિનિમય મૂલ્યની નાણાંમાં રજૂઆત. દા.ત. ખુરશીની કિંમત રૂ. 500, 1 મીટર કાપડના 200 રૂપિયાને ખુરશી અને કાપડની કિંમત કહેવામાં આવે છે.

**તમારી પ્રગતિ તપાસો.**

1. કિંમતનો ખ્યાલ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.13 બજાર (Market)

બજાર એટલે એવો વિસ્તાર કે જેમાં ગ્રાહકો તથા વેચનારાઓ કાં'તો પ્રત્યક્ષ રીતે કે મધ્યસ્થી દ્વારા એકબીજાના એવા નજીકના સંબંધમાં હોય છે કે જેથી એક ભાગમાં પ્રવર્તતા ભાવ બજારના બીજા ભાગમાં પ્રવર્તતા ભાવને અસર કરે છે.

***– બેનહામ***

સામાન્ય રીતે જે જગ્યાએ અનાજ વેચાય તેને લોકો દાણાપીઠ, લોખંડ વેચાય તેને લોખંડ બજાર, બિસ્કિટ વેચાય તેને બિસ્કિટ બજાર, કાપડ વેચાય તેને કાપડ બજાર, ઢોર વેચાય તેને ઢોર બજાર, શેર વેચાય તેને શેરબજાર વગેરે કહે છે.

આમ, ચીજના વિનિમય માટેની જરૂરી સગવડ પૂરી પાડતા સ્થળોને આપણે સામાન્યતઃ બજાર તરીકે ઓળખીએ છીએ પણ અર્થશાસ્ત્રમાં બજારને સ્થળ સાથે કોઈ જ નિસ્બત નથી.

વિનિમય કે ખરીદી અને વેચાણની પ્રક્રિયા બજાર કહેવાય છે.

બજાર માટેની ત્રણ શરતો હોવી જોઇએ.

**1. ગ્રાહકો (Customers)**

કોઈ વસ્તુની માંગ કરનાર ગ્રાહકો જ ન હોય તો વિનિમય કે બજાર ન હોઈ શકે. આથી,

બજારના મૂળમાં ગ્રાહકો છે જેઓ વસ્તુ ખરીદવાની વૃત્તિ અને શક્તિ ધરાવે છે તથા જેમની ખર્ચ કરવાની તૈયારી હોય છે.

**2. વેપારીઓ**

જેમ એક હાથે તાળી પડતી નથી તેમ ફક્ત ગ્રાહકો હોય પણ વેપારીઓ જ ન હોય તો બજાર પણ ન હોય, વેપારીઓ એટલે જેમની પાસે વેચાણની ચીજ હોય, વેચવાની વૃત્તિ હોય તે બજાર બનાવવા વેપારીઓએ અમુક સ્થળે એકઠા થવું જરૂરી નથી. જેમ કે લોકોના ઘરે જઇને પણ વસ્તુ વેચી શકાય છે કે તારટપાલથી સંપર્ક સાધીને પણ વસ્તુ વેચી શકાય છે.

### 3.13.3 પરસ્પર સંપર્ક

એક તરફ ગ્રાહકો હોય અને બીજી તરફ વેપારીઓ હોય, પણ જો બંને પક્ષો સમાન સ્થળે કે આડતિયા, દલાલ, ટપાલ, ટેલિફોન, તાર, જેવા માધ્યમ વડે એકબીજાના સંપર્કમાં ન આવ્યા હોય તો વસ્તુ વિનિમય થશે નહીં, આથી બજાર બનશે નહીં. પહેલાના જમાનામાં હાટ, મેળા ગુજરી, વગેરે દ્વારા ગ્રાહકો-વેપારીઓ એકબીજાના સંપર્કમાં આવતા. હવે શહેરોમાં નક્કી થયેલાં સ્થળોએ નક્કી સમયે ખરીદનારા-વેચનારા એકઠા થાય છે. તે બજાર કહેવાય છે.

સામાન્ય રીતે વિનિમય, ગ્રાહકો, વેપારીઓ અને તેમનો સંપર્ક બજાર બનાવે છે. નફાનો હેતુ હરીફાઈના સાધનોની ખાનગી માલિકી, વ્યક્તિ સ્વાતંત્ર્ય વગેરે બજારનાં લક્ષણો છે. બચતકારો, મૂડી રોકાણકારો, ઉત્પાદકો, વેપારીઓ સંગ્રહકો, હેરફેર કરનારાઓ, ગ્રાહકો, વસ્તુઓ, સાધનો ભાવપદ્ધતિ વગેરે બજારનાં અંગો છે. આ અંગો વડે બજાર વિવિધ કાર્યો કરે છે.

**બજારનાં કાર્યો :**

- કઈ વસ્તુનું કેટલું ઉત્પાદન કરવું ?
- કઈ પદ્ધતિએ ક્યાં ઉત્પાદન કરવું ?
- કઈ રીતે વહેંચણી કરવી ?
- કઈ રીતે ઉત્પાદકતા વધારવી ?

**તમારી પ્રગતિ તપાસો**

1. બજારની શરતો જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. બજારનાં લક્ષણો જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. બજારનાં કાર્યો કયા છે.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 3.14 રાષ્ટ્રીય આવક (National Income)

વર્ષ દરમ્યાન રાષ્ટ્રના ઉત્પાદનનાં સાધનો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાંકીય મૂલ્ય બેવડી ગણતરી ટાળવા માટે અંતિમ ઉપયોગમાં લેવાતી વસ્તુઓનું જ મૂલ્ય ગણવામાં આવતું નથી. આ ઉત્પાદનનાં દૃષ્ટિબિંદુથી અપાયેલી વ્યાખ્યા છે એ જ રીતે ખર્ચના દૃષ્ટિબિંદુથી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા આપી શકાય.

"કોઈપણ દેશમાં કોઈ એક વર્ષ દરમ્યાન ચીજવસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનને તે દેશની તે વર્ષની રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે."

દરેક દેશમાં જમીન, મૂડી, શ્રમ અને નિયોજન-ઉત્પાદનનાં આ ચાર સાધનો હોય છે. આ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે, તેમને ઉત્પાદન કાર્યમાં જોડવામાં આવે તો ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન શક્ય બને છે.

"કોઈપણ દેશની મૂડી અને શ્રમનો ભૂમિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે તે દેશની ચોખ્ખી રાષ્ટ્રીય આવક છે."

***—પ્રો. માર્શલ***

1. માર્શલની વ્યાખ્યા મુજબ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે માત્ર તૈયાર કે છેવટની વસ્તુઓના ઉત્પાદનને જ ગણતરીમાં લેવી જોઈએ. કાચોમાલ, તેમજ અર્ધતૈયાર માલનો સમાવેશ કરવો જોઈએ નહીં.
2. રાષ્ટ્રીય આવક ઉત્પન્ન કરતી વખતે ઉત્પાદનનાં સાધનોને જે ઘસારો પડે તેનું ઘસારા ખર્ચ રાષ્ટ્રીય આવકમાંથી બાદ કરવું જોઇએ.

માર્શલની વ્યાખ્યા મુજબ અર્થતંત્રમાં વિભિન્ન પ્રકારની અસંખ્ય વસ્તુઓ ઉત્પન્ન થાય છે અને તેમના માપ અલગ અલગ છે. દા.ત. મીટર, લિટર અને કિલોગ્રામ. આથી, તેમનો ચોક્કસ સરવાળો મેળવવાનું કામ મુશ્કેલ છે.

### 3.14.1 પ્રો. પિગું

વિદેશી આવક સહિતની સમાજની વસ્તુલક્ષી આવક જે નાણાંની મદદ વડે સરળતાથી માપી શકાય છે તે રાષ્ટ્રીય આવક છે. આ વ્યાખ્યા મુજબ વસ્તુઓ સેવાઓના ઉત્પાદનને બજારકિંમતથી ગુણીને ઉત્પાદનનું કુલ મૂલ્ય મેળવવું જોઇએ. આમ, પ્રો. પિગુંએ રાષ્ટ્રીય આવકની નાણાંલક્ષી વ્યાખ્યા આપી છે.

આ વ્યાખ્યા મુજબ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે આ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

1. જે વસ્તુઓ અને સેવાઓનો વિનિમય નાણાં દ્વારા થતો હોય તેમનો જ સમાવેશ રાષ્ટ્રીય આવકમાં કરવો જોઇએ.
2. જે વસ્તુઓ અને સેવાઓનો વિનિમય નાણાં દ્વારા થતો નથી. તેમનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થશે નહિ. દા.ત. ખેડૂતે સ્વ-વપરાશ માટે રાખેલ અનાજ, શિક્ષકે તેના બાળકોને આપેલ

શિક્ષણ આ સેવાઓની સામે નાણું લેવામાં કે આપવામાં આવતું નથી, તેથી રાષ્ટ્રીય આવકમાં તેમનો સમાવેશ થતો નથી.

3. જે આવકો હસ્તાંતર સ્વરૂપની છે તેમનો પણ રાષ્ટ્રીય આવકમાં સમાવેશ થશે નહીં. દા.ત. બેરોજગાર વ્યક્તિઓને સરકાર તરફથી મળતું બેકારી ભથ્થું.

4. વિદેશમાંથી જે ચોખ્ખી કમાણી થાય છે તેનો રાષ્ટ્રીય આવકમાં સમાવેશ કરવો જોઈએ.

5. ઉત્પાદનની પ્રક્રિયામાં વર્ષ દરમ્યાન મૂડી સાધનોનો જે ઘસારો થયો છે તે બાદ કરવો જોઇએ.

### 3.14.2 પ્રો. હિક્સના

મત મુજબ "નાણાં વડે માપવામાં આવતી વસ્તુઓ સેવાઓનો સમૂહ એટલે રાષ્ટ્રીય આવક."

### 3.14.3 પ્રો. સેમ્યુલસનના

મત મુજબ "સમાજમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન કરવામાં આવેલી વિભિન્ન પ્રકારની વસ્તુઓ સેવાઓને નાણાં વડે માપતાં જે છેવટનો આંકડો મળે છે તે રાષ્ટ્રીય આવક છે."

સામાન્ય રીતે રાષ્ટ્રીય આવકની વિભાવનાઓ ત્રણ અર્થઘટન મુજબ આપી શકાય છે.

**1. કુલ ઉત્પાદનની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવક**

વર્ષ દરમ્યાન દેશમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓ સેવાઓનું કુલ બજાર મૂલ્ય છે.

**2. કુલ આવકની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવક**

વર્ષ દરમિયાન વસ્તુઓ સેવાઓના ઉત્પાદન કાર્યમાં જોડાઇને લોકો સાધન માલિકોની હેસિયતથી ભાડું, વેતન, વ્યાજ અને નફાના સ્વરૂપમાં જે આવકો મેળવે છે તેનો સરવાળો છે.

**3. કુલ ખર્ચની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવક**

વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર વસ્તુઓ સેવાઓ પર જે નાણાંકીય ખર્ચા કરે છે તેનો સરવાળો રાષ્ટ્રીય આવકે છે.

ઉપરોક્ત રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાઓ પ્રમાણે રાષ્ટ્રીય આવકને ત્રણ પદ્ધતિઓ દ્વારા માપી શકાય છે.

1. ઉત્પાદન પદ્ધિત

2. આવકની પદ્ધતિ

3. ખર્ચની પદ્ધતિ

**તમારી પ્રગતિ તપાસો.**

1. રાષ્ટ્રીય આવકની પિગુંની વ્યાખ્યા સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. રાષ્ટ્રીય આવકની વિભાવનાનાં ત્રણ અર્થઘટન જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. માર્શલએ આપેલ રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.15 સારાંશ

અર્થશાસ્ત્રમાં સામાન્ય સ્વૈચ્છિક વિષય તરીકે પ્રારંભિક અર્થશાસ્ત્ર છે. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ હકીકતો પર આધારિત અર્થશાસ્ત્રને સમજવા માટે આ પ્રારંભિક અર્થશાસ્ત્રની વિભાવનાઓ જાણવી ખૂબ જ અગત્યનું છે. માનવીની વિવિધ જરૂરિયાતો આર્થિક સમસ્યાઓ અને આર્થિક પ્રવૃત્તિઓનો પરિચય, અર્થ તેમજ ઉદ્ભવનાં કારણો વિશે જાણવું અગત્યનું છે. અર્થશાસ્ત્રની વિભાવનાઓનો અભ્યાસ કરતાં પહેલાં આપણે જાણી લેવું જોઈએ કે વિભાવનાઓ શું છે ? વિભાવના એટલે કે કોઇપણ શબ્દને સમજવા માટે પહેલાં તે શબ્દને વ્યાખ્યાયિત કરીને તે શબ્દનું મૂળ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**મૂડી :**

જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને મૂડી કહે છે. બીજી રીતે કહીએ તો અર્થતંત્રમાં ઉત્પાદન કરવામાં આવતું ઉત્પાદનનું ભૌતિક સાધન, ખેડૂતનું દાતરડું ટ્રેક્ટર, કડિયાનો લેલો, દરજીનો સીવવાનો સંચો, કારખાનાની યંત્ર સામગ્રી પરિવહન માટેનાં સાધનો વગેરે મૂડીનાં સાધનો છે.

**સંપત્તિ :**

એડમ સ્મિથે અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્રી એવી પરિભાષા કરી છે. તેઓએ ઉપયોગી ચીજવસ્તુઓ સંપત્તિ તરીકે ઓળખાવી ભૌતિક સંપત્તિ પર ભાર મૂકે છે. જ્યારે જમીન પરની સપાટી જંગલો ખનીજ પદાર્થો દરિયામાંથી સાંપડતી ઉપયોગી ચીજો વગેરે કુદરતી સંપત્તિઓ છે.

**તૃષ્ટિગુણ :**

પ્રો. માર્શલના મતે વસ્તુમાં રહેલી માનવ જરૂરિયાતને સંતોષવાનો ગુણ છે તે તૃષ્ટિગુણ છે. જે વસ્તુમાં માનવ જરૂરિયાતો સંતોષી શકાતી નથી તેમાં તૃષ્ટિગુણ નથી. તૃષ્ટિગુણનો ખ્યાલ આત્મલક્ષી છે. જુદી-જુદી વસ્તુમાંથી જુદો જુદો તૃષ્ટિગુણ મળે છે.

**સેવા :**

જેનામાં માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય તથા વિનિમય થઈ શકતો હોય તેવી અભૌતિક કામગીરીઓને સેવા કહેવામાં આવે છે. દા.ત. વકીલની સેવા, ડૉક્ટરની સેવા, ઇજનેરની સેવા વગેરે સેવાઓ છે.

**ઉત્પાદન :**

સામાન્ય માનવીની દૃષ્ટિએ ઉત્પાદન એટલે કોઈ નવી વસ્તુનું સર્જન છે. આ રીતે લુહારની લોખંડમાંથી તિજોરી બનાવવાની કે મોચીની ચામડામાંથી પગરખાં બનાવવાની ક્રિયા ઉત્પાદન છે.

ઉત્પાદન શબ્દ માત્ર ભૌતિક વસ્તુનાં સંદર્ભમાં જ વપરાતો નથી. શિક્ષક નર્સ કે એન્જિનિયરની અભૌતિક સેવાઓનું સર્જન પણ ઉત્પાદન કહી શકાય.

**માંગ :**

અર્થશાસ્ત્રમાં વસ્તુની માંગ એટલે સમયના ચોક્કસગાળા દરમિયાન ચોક્કસ કિંમતે ગ્રાહકો વસ્તુનું જે પ્રમાણ ખરીદવા તૈયાર છે તે માંગ છે. માંગની વ્યાખ્યા સમજવા ત્રણ મુદ્દા સમજવા જરૂરી છે. માંગ એટલે ઇચ્છા નહીં, સમયના કોઇ એક જ ગાળા દરમ્યાન કોઇ એક વસ્તુની માંગ, કિંમત સ્થિર હોય તો પણ સમયના જુદા જુદા ગાળા દરમ્યાન વસ્તુની માંગ સામાન્ય પરિભાષામાં કોઇ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઇચ્છાને માંગ તરીકે ઓળખવામાં આવે છે.

**પુરવઠો**

અર્થશાસ્ત્રમાં પુરવઠાનો વિશિષ્ટ અર્થ છે. પુરવઠો એટલે ચોક્કસ સમયગાળા દરમિયામ ઉત્પાદકો જુદી જુદી કિંમતે વસ્તુનું જે પ્રમાણ બજારમાં વેચાણ માટે મૂકવા તૈયાર છે તે આ અર્થઘટન મુજબ અર્થશાસ્ત્રમાં પુરવઠો કહેવાય છે.

**જથ્થો**

યોજક ઉત્પન્ન કરેલ વસ્તુમાંથી ચોકક્સ કિંમતે જેટલા એકમો વેચવા તૈયાર હોય તે તેનો પુરવઠો બને છે અને બાકી રહેલ ભાગ જથ્થો બને છે. સામાન્ય રીતે આપણે જથ્થા અને પુરવઠા વચ્ચે કોઈ ભેદ જોતા નથી પરંતુ અર્થશાસ્ત્રમાં જથ્થો અને પુરવઠો વચ્ચે તફાવત છે કોઈપણ ઉત્પાદક વસ્તુઓનું ઉત્પાદન કરે છે પરંતુ બધું જ ઉત્પાદન તે એક સાથે વેચવા માટે મૂકતો નથી. વસ્તુનું જેટલું પ્રમાણ પણ ઉત્પાદન થાય છે તેને તે વસ્તુનો જથ્થો કહે છે.

**મૂલ્ય**

અર્થશાસ્ત્રમાં મૂલ્ય એટલે કોઈ પણ વસ્તુમાં રહેલી અન્ય વસ્તુ ખરીદવાની શક્તિ અથવા વ્યક્તિની જરૂરિયાત સંતોષવાની શક્તિ. અર્થશાસ્ત્રમાં વિનિમય મૂલ્યને મૂલ્ય તરીકે ગણવામાં આવે છે આમ એક વસ્તુનો વિનિમય કરીને બદલામાં બીજી જે વસ્તુ મળે છે તે આપવામાં આવેલ વસ્તુનું મૂલ્ય દર્શાવે છે. દાત. સફરજનના બદલામાં 5 કેળાં મળે છે તે એક સફરજનનું મૂલ્ય 5 કેળો છે.

**કિંમત**

કિંમત એટલે વસ્તુના મૂલ્યની નાણાંના સ્વરૂપમાં થતી. રજૂઆત એટલે કે નાણાંમાં વ્યક્ત કરાયેલું વસ્તુનું મૂલ્ય દાત. 1 સફરજન = 8 રૂ. 8 રૂ. એ સફરજનની કિંમત ગણવામાં આવે છે.

**બજાર**

સામાન્ય રીતે જે જગ્યાએ અનાજ વેચાય. તેને લોકો દાણાપીઠ, લોખંડ વેચાય તેને લોખંડ બજાર, બિસ્કિટ વેચાય તે બિસ્કિટ બજાર ઢોર વેચાય. ઢોર બજાર શેર વેચાય, તે શેરબજાર. વગેરે બજાર કહે છે આમ ચીજના વિનિમય માટેની જરૂરી સગવડ પૂરી પાડતા સ્થાળોને આપણે સામાન્ય રીતે બજાર તરીકે ઓળખીએ છીએ પણ અર્થશાસ્ત્રમાં બજારને સ્થળ સાથે કોઈ નિસ્બત નથી.

વિનિમય કે ખરીદી અને વેચાણની પ્રક્રિયા બજાર કહેવાય છે. - ગ્રાહકો અને વેપારીઓનો સંપર્ક થાય તે બજાર છે.

**રાષ્ટ્રીય આવક**

કોઈપણ દેશમાં કોઈ એક વર્ષ દરમ્યાન ચીજવસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનને તે દેશની તે વર્ષની રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે. ટૂંકમાં દેશની મૂડી અને શ્રમનો ભૂમિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે. તે દેશની ચોખ્ખી રાષ્ટ્રીય આવક છે. માર્શલ, પિગું, હિક્સ, સેમ્યુલસન જેવા વગેરે અર્થશાસ્ત્રીઓ એ રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા સમજવી છે.

## 3.16 ચાવીરૂપ શબ્દો :

| | | |
|---|---|---|
| તૃષ્ટિગુણ | :- | વસ્તુનાં ઉપયોગ કરવાથી તેમાંથી મળતા સંતોષને તૃષ્ટિગુણ કહે છે. |
| ઉત્પાદન | :- | વસ્તુમાં તૃષ્ટિગુણનો ઉમેરો કરી તેને વપરાશ યોગ્ય બનાવવાની પ્રક્રિયા. |
| મૂડી | :- | જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને મૂડી કહી શકાય. |
| સંપત્તિ | :- | જેનું બજાર મૂલ્ય હોય, વિનિમય થઈ શકતો હોય, તે ભૌતિક સ્વરૂપની હોય તેને સંપત્તિ કહે છે. |
| સેવા | :- | જેનું બજાર મૂલ્ય ધરાવતી હોય, જેનો વિનિમય થઈ શકતો હોય જે અભૌતિક સ્વરૂપની હોય તે સેવા છે |
| સીમાંત તૃષ્ટિગુણ | :- | વસ્તુના વપરાશમાં એક એકમના ફેરફારને લીધે કુલ તૃષ્ટિગુણમાં થતો ફેરફાર |
| માંગ | :- | કોઈ ચોક્કસ સમયે ને સ્થળે ચોક્કસ કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા ને તૈયારી જે માંગ  છે શક્તિ ? |
| પુરવઠો | :- | ચોક્કસ સમયને સ્થળે ચોક્કસ કિંમતે વેપારીની વસ્તુ વેચવાની ઈચ્છા, શક્તિ, તૈયારી |
| જથ્થો | :- | જથ્થો એ ઉત્પાદીત વસ્તુનો એવો ભાગ છે, જે પુરવઠો બનેલ નથી ગોડાઉનમાં સમાયેલ છે. |
| મૂલ્ય | :- | એક ચીજનો વિનિમય કરીને બદલામાં જે મળે તે ચીજનું મૂલ્ય દર્શાવે છે. |
| કિંમત | :- | નાણાંમાં વ્યક્ત થતું વિનિમય મૂલ્ય |
| રાષ્ટ્રીય આવક | :- | કોઈપણ દેશમાં કોઈ એક વર્ષ દરમ્યાન ઉત્પાદિત થયેલ વસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યના સરવાળાઓને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે. |

(કોઈ નવા શબ્દો ઉપયોગમાં લેવાયા નથી તેથી આગળની ચર્ચા જોવા વિનંતી)

## 3.17 કેટલાંક ઉપયોગી પુસ્તકો


(1) પારિભાષિક શબ્દ કોષ. ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ

(2) K.K.Dewett & J D Varma (1994) Elementary Economic Theory, S chand and compny New Delhi

(3) Johan Black, Nigar Hashimzade and jareth myles (2013) oxford Dictiomry Of Economics Oxford Univarsity Press

(4) રમેશ બી શાહ 2013 પારિભાષિક કોષ અર્થશાસ્ત્ર યુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ

(5) Asirnakopulos A, 1978 An Introduction to Economic Theory : Micro - Economics oxford university press Delhi

(6) Laider David 1974 Introduction to Micro-Economics Basic Books Inc.Publishers New Yourk

(7) Dobb m 1979 Theories of Value and Distribution Since Adam smith. Vikas Publishing House New Delhi


## 3.18 તમારી પ્રગતિ તપાસો

### 3.18.1 નીચેના પ્રશ્નોના જવાબ આપો

(1) મૂડીનો ખ્યાલ સમજાવો

(2) હોગલેન્ડના મતે કાર્યશીલ મૂડી સમજાવો

(3) માર્શલની સંપત્તિની વ્યાખ્યાનાં લક્ષણો જણાવો

(4) કુદરતી સંપત્તિ વિશે સમજાવો

(5) તૃષ્ટિગુણનો ખ્યાલ વસ્તુલક્ષી નથી વ્યક્તિલક્ષી છે ? સમજાવો

(6) સેવાઓ વિશે સમજાવો

(7) ઉત્પાદન શબ્દ માત્ર ભૌતિક વસ્તુના સંદર્ભમાં વપરાતો નથી સમજાવો

(8) સુથારનું લાકડું ઉત્પાદન કહી શકાય સમજાવો.

(9) માંગની વ્યાખ્યાનું વિશ્લેષણ સમજાવો.

(10) પુરવઠા રેખા દ્વારા પુરવઠાનો ખ્યાલ સમજાવો.

(11) વપરાશ મૂલ્ય સમજાવો.

(12) વિનિમય મૂલ્યનો ખ્યાલ સમજાવો.

(13) બજારની પરિભાષાની શરતો જણાવો.

(14) રાષ્ટ્રીય આવકની વિભાવનાનાં ત્રણ અર્થઘટન જણાવો.

(15) રાષ્ટ્રીય આવકની પિગુંની વ્યાખ્યા સવિસ્તાર સમજાવો.

### 3.18.2 ટૂંકમાં પ્રશ્નોના જવાબ આપો

(1) મૂડી એટલે શું ?

(2) તૃષ્ટિગુણ એટલે શું ?

(3) સેવાઓનો અર્થતંત્રમાં કેટલો હિસ્સો છે

(4) ઉત્પાદન કોને કહેવાય ?

(5) માંગ એટલે શું ?

(6) પુરવઠો એટલે શું ?

(7) મૂલ્ય એટલે શું ?

(8) કિંમત કોને કહેવાય ?

(9) બજારનાં કાર્યો લખો.

### 3.18.3 નીચેની ખાલી જગ્યાઓ પૂરો.

(1) અર્થશાસ્ત્રના પિતા ............. છે. (એડમસ્મિથ, માર્શલ)

(2) એડમસ્મિથે અર્થશાસ્ત્રને ............ નું શાસ્ત્ર કહ્યું છે.(સંપત્તિ, રાષ્ટ્ર)

(3) અર્થશાસ્ત્રમાં સંપત્તિ ............. ને કહી શકાય. (મકાન, શક્તિ)

(4) કુદરતી સંપત્તિનો આધાર ........... ઉપર છે. (કુદરત, માનવી)

(5) તૃષ્ટિ એટલે ......... (સંતોષ, ગુણ)

(6) ગુણ એટલે ........... (શક્તિ, સંતોષ)

(7) ડૉક્ટરની સેવામાંથી તૃષ્ટિગુણ મળે છે............ (હા, ના)

(8) ધુમ્રપાન તરફ અણગમો છે તે વ્યક્તિને સિગારેટમાં તૃષ્ટિગુણ મળે છે ?.......... (હા, ના)

(9) જે વસ્તુ માનવીની જરૂરિયાત સંતોષતી નથી તેમાં તૃષ્ટિગુણ છે ? (હા, ના)

(10) માંગનો ખ્યાલ ............. હોય છે (સાપેક્ષ, નિરપેક્ષ)

(11) કિંમત સ્થિર હોય તો પણ સમયના જુદા જુદા ગાળા દરમ્યાન વસ્તુની માંગ ......... હોય છે. (જુદી જુદી, એક સમાન)

(12) કોઈ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઈચ્છા, શક્તિ, તૈયારીને .......... કહે છે. (માંગ, કિંમત)

(13) નાણાંમાં વ્યક્ત થતું વિનિમયનું મૂલ્ય ........... છે. (કિંમત, મૂલ્ય)

(14) વિનિમય, ખરીદી અને વેચાણની પ્રક્રિયા ધરાવતું સ્થળ ............. છે. (બજાર, દુકાન)

(15) ઉત્પાદન એટલે ............ નું સર્જન (મૂડી, શ્રમ)

**3.18.4 (3.18.3) ના જવાબો**

(1) એડમસ્મિથ (2) સંપત્તિ (3) મકાન (4) કુદરત (5) સંતોષ (6) શક્તિ (7) હા (8) ના (9) ના (10) સાપેક્ષ (11) જુદી જુદી (12) માંગ (13) કિંમત (14) બજાર (15) મૂડી